# સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી ફુલોથી ભારતના નકશાની પ્રતિકૃતિ રચાઈ

## વિવિધ રોપાઓની વાવણી કરી લાલ,વાદળી , સફેદ અને ગુલાબી ફુલોથી દેશનો નકશો નિખરશે



ગાંધીનગર તા ૧૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં વાઈબ્રન્ટને અનુલક્ષી ફલાવર વેલી તેમજ કલરફુલ પાંદડાઓનો નિખાર જોવા મળી રહ્યો છે. જયારે સાયન્સ કોલેજ સામેના વિસ્તારમાં સ્થિત પાર્કમાં વિવિધ રોપાઓની વાવણીના અંતે ફુલોથી સજજ દેશના નકશાની અદભુત પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે.

શહેરના સ્વર્ણિમ પાર્કમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અવનવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કમાં ફુલોનો નિખાર ન હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે વાઈબ્રન્ટને અનુલક્ષી તંત્ર દ્વારા પાર્કમાં ફલાવર વેલીનુ નિર્માણ કરાયુ છે. આ ઉપરાંત પાર્કના આંતરિક વોક વે તેમજ આસપાસની ફુટપાથ તેમજ ગ્રીલને પણ રંગરોગાન

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨ ૨ના સીટી સ્કવેર માટે લોન લેવાશે

## અર્બન મિશને આ માટે યુરોપીયન યુનિયનને દરખાસ્ત પણ ઓનલાઈન મોકલી આપી છે

(પ્રકાશ જહા)

ગાંધીનગર, તા. ૧૬

સ્માર્ટસીટીમાં સમાવાયેલ ગાંધીનગર મહાનગરપાલિકાના સીટી સ્કવેર પ્રોજેકટ માટે યુરોપીયન કન્ટ્રીમાંથી લોન મેળવવામાં આવશે.

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા તાજેતરમાં બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક તાત્કાલિક શકય ન હોવાથી સરક્યુલર પ્રસ્તાવ દ્વારા આ દરખાસ્તને આખરી ઓપ આપ્યો છે.

અર્બન ડેવલપમેન્ટ મિશનના સૂત્રોએ સ્વીકાર્યુ છે કે મિશને રાજ્યના ૮ સ્માર્ટ સીટી પ્રોજેકટની એક સંયુક્ત દરખાસ્ત તૈયાર કરી અને મોકલી આપી છે. આ માટે દરેક મનપાના સ્પેશ્યલ વ્હીકલપુલ દ્વારા બહાલી પણ મળી ચુકી છે.

ગાંધીનગર શહેરમાં સીટી સ્કવેર પ્રોજેકટ એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આગવુ ડ્રીમ છે.

સેકટર-૨૨માં ૨૫ હજાર ચો.મી. વિસ્તારમાં આકાર પામનાર સીટી સ્કવેર પ્રોજેકટ આધુનિક તકનીકો સાથેનો અને સુવિધાસભર બને એટલુ જ નહિ પણ પાટનગરનું આગવુ આકર્ષણ બની રહે તે હેતુ છે.

મળતી વિગતો પ્રમાણે યુરોપીયન કન્ટ્રીઝ યુનિયને રૂ. ૮૦ કરોડની લોન આપવાની તૈયારી દર્શાવી છે અને આ માટેના પ્રોજેક્ટ સૂચવી મોકલી આપવાના કરેલા આગ્રહને પગલે સરક્યુલર ઠરાવ દ્વારા આ પ્રોજેકટ સહિત અમદાવાદ, સુરત અને રાજકોટના પ્રોજેકટ સમાવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે રાજકોટના ત્રણ પ્રોજેક્ટ છે જેમાં ૧૬૫ કરોડ અને ૧૫૬ કરોડના તેમજ ૯૨ કરોડનો એક પ્રોજેક્ટ છે.

સુરતના પણ ત્રણ પ્રોજેક્ટ છે જયારે અમદાવાદના ત્રણ પ્રોજેક્ટ સૂચવવામાં આવ્યા છે. જે પાછળ ૪૬ થી ૫૫ કરોડના ખર્ચ થવાના અંદાજો આકારવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરનો એકજ પ્રોજેટ સીટી સ્કવેર માટે રૂ. ૧૨૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ પ્રોજેકટ અપાવવા માટે ઓનલાઈન દરખાસ્ત કરવામાં આવી છે.

જો ગાંધીનગર શહેરના સીટી સ્કવેર પ્રોજેક્ટની પસંદગી થશે તો મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત મળતી રકમ બાદ કરી લોનના રિપેમેન્ટ માટે કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત ઉપલબ્ધ થયેલ ગ્રાન્ટ મનપા પાસે છેલ્લા ઘણા સમયથી જમા જ પડી રહી છે તે એક મહત્વનું પાસુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના રાત્રિ નઝારાની જમાવટ

## નયનરમ્ય રંગબેરંગી રોશની આકર્ષણનુ કેન્દ્ર બની : રોશનીને અનુલક્ષી ૨૫ ઠેકાણે જનરેટર મુકાયા : વૃક્ષોમાં પણ કલરફુલ લાઇટીંગ નગરના મુખ્યમાર્ગો સહીત વિધાનસભા, જિલ્લા સેવા સદન, ટાઉનહોલ , ઉદ્યોગભવન અને રાજભવનને પણ રોશનની સજાવટ



ગાંધીનગર તા ૧૬

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ભવ્ય સુશોભન કરાયુ છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવામાં આવ્યો છે. નગરને દુલ્હનની જેમ સુશોભિત કરવામાં આવ્યુ છે. શહેરના માર્ગો, સેન્ટ્રલ વર્જ, સર્કલો ઉપરાંત સ્વર્ણિમ પાર્ક સહીત વિવિધ બિલ્ડીંગોને પણ રોશનીનો શણગાર કરવામાં આવ્યો છે. રોશનીને અનુલક્ષીને ૨૫ જેટલા જનરેટર પણ લગાવાયા છે. વાઈબ્રન્ટ રોશની પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. નગરમાં રાત્રિની રોનક નિખરતા બહારથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધી છે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને મુખ્યમાર્ગો સહીત બિલ્ડીંગોને પણ રંગબેરંગી રોશનીથી સજાવટ કરવામાં આવી છે. નગરના મુખ્ય ઘ, ચ ,ખ ,ગ અને જ માર્ગ પર રોશનીની જાકમજોળ જોવા મળી રહી છે. નગરના માર્ગો અને બિલ્ડીંગો અને માર્ગો પર રોશનીનુ ટેસ્ટીંગ પણ કરી દેવાયુ છે. તા ૧૭ થી ૨૧ દરમિયાન નગરના માર્ગો પર અનોખી ઝળહળા જોવા મળશે. રાત્રિની રોનક નિખરશે.

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ સમીટમાં જિલ્લા દ્વારા લઘુ-મધ્યમ ઉદ્યોગના ૫૮૦ લેટર ઓફ ઈન્ટેનશીપ સાઈન થશે

ગાંધીનગર, તા. ૧૬

વાયબ્રન્ટ સમીટ-૨૦૧૯માં ગાંધીનગર જિલ્લા દ્વારા એમ.એસ.એમ.ઈ. સેકટરમાં ૫૮૦થી વધુ લેટર ઓફ ઈન્ટેનશન પ્રસ્તુત કરવામાં આવશે.

૧૮મી તારીખે એમ.એસ.એમ.ઈ.ના સેમિનાર દરમ્યાન આ લેટર ઓફ ઈન્ટેનશન સરકાર સાથે આપ-લે કરવામાં આવશે. આ માટે જિલ્લાતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જી.આઈ.ડી.સી. દ્વારા ૪૩૯ જેટલા લેટર ઓફ ઈન્ટેનશન અપાશે. ખાસ કરીને એન્જીનીયરીંગ, ફાર્માસ્યુટીકલ તેમજ ઈલેકટ્રોકનીક્સ ક્ષેત્રના એકસ્પાનસનને લઈ આ લેટર ઓફ ઈન્વેસ્ટમેન્ટ સુપ્રત કરવામાં આવશે. એન્જીનીયરીંગ ક્ષેત્રનું મહત્વ એટલા માટે વધી જાય છે કે કલોલ પાસેથી દિલ્હી-મુંબઈ ફ્રેટ કોરીડોર પસાર થનાર છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા પણ ૧૪૦થી વધુ લેટર ઓફ ઈન્વેસ્ટમેન્ટ રજુ કરવામાં આવનાર છે. જેમાં મુદ્રા, સ્ટાર્ટઅપ જેવી યોજનાઓનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં એક સ્થગિતતા આવી ચુકી છે પરંતુ હવે પુનઃ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર વધુ અસરકારક જિલ્લાના અર્થકારણમાં પુરવાર થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ સીમીત વધુ બન્યો છે જ્યારે સર્વિસ સેક્ટર વધુ ડેવલપ થઈ રહ્યુ છે ત્યારે વાયબ્રન્ટ સમીટ પછી વિકાસની નવી દિશાઓ ખુલશે તેમ મનાઈ રહ્યુ છે.

# રાજ્યમંત્રી પુરુષોત્તમ સોલંકીની તબિયત લથડતા સારવાર માટે સિંગાપોર લઈ જવાયા

અમદાવાદ,તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી નાદુરસ્ત રહેતા રાજ્યકક્ષાના મત્સ્યઉદ્યોગ મંત્રી અને કોળી નેતા પરસોત્તમ સોલંકીની તબિયત વધુ બગડી છે. જેને પગલે તેમને વધુ સારવાર અર્થે સિંગાપોર લઈ જવાયા છે. સોલંકીને કિડની સંબંધિત બીમારી હોવાનું કહેવાય છે. જો કે આ અંગે સત્તાવાર જાહેરાત કરાઈ નથી. જો કે, ભાજપના વર્તુળમાં સોલંકીની તબિયતને લઈ થોડી ચિંતા સહજ જણાતી હતી અને સૌકોઈએ તેમના સ્વજનોને ખબરઅંતર પૂછયા હતા. ગત ડિસેમ્બરમાં ગુજરાત હાઈકોર્ટે ૪૦૦ કરોડ રૂપિયાના ફિશરીઝ કૌભાંડ બાબતે ગાંધીનગરની કોર્ટે ઈશ્યુ કરેલી ક્રિમિનલ પ્રોસેસને રદ કરવા ઈન્કાર કર્યો હતો. ફિશરીઝ કૌભાંડની તપાસ કરી રહેલી એસીબીએ સોલંકીને મુખ્ય સૂત્રધાર દર્શાવ્યા છે.

ફિશરીઝ કૌભાંડ અંગે વાત કરીએ તો માછીમારોને અપાતો પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ ૨૦૦૮માં પૂરો થયો. જેથી ૨૦૦૯માં હરાજી કરી આ કોન્ટ્રક્ટ પુનઃ આપવાના હતા. પરંતુ પરસોત્તમ સોલંકીએ અપસેટ પ્રાઈઝથી પહેલા ૧૨ લોકોને અને પછી ૩૮ લોકોને કોન્ટ્રક્ટ આપી દીધા હોવાનો આક્ષેપ થયો હતો. હરાજી વિના કોન્ટ્રક્ટ આપવા કેબિનેટની મંજૂરી લેવાની હોવાછતાં સોલંકીએ મંજૂરી મેળવી ન હતી. છેલ્લી પાંચ ટર્મથી ભાવનગર ગ્રામ્ય બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાતા આવતા પરસોત્તમ ઓધવજી સોલંકી ઈલેક્ટ્રિકલ એન્જીનિયર છે તેમજ કોળી સમાજ પર પણ બહુ સારુ એવું પ્રભુત્વ ધરાવે છે.

# સોમનાથ પ્રવાસધામને વેજ ઝોન જાહેર કરવાની તૈયારી

## વધુ એક મક્કમ નિર્ણય લેવાય તેવી શકયતા : સોમનાથના મંદિર તરફથી દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલી અપાઇ

અમદાવાદ,તા.૧૬

સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવ યાત્રાધામને હવે રાજય સરાકર વેજ ઝોન એટલે કે, માસાહારમાંથી મુક્તિ અપાવવાની દિશામાં મહત્વના પગલાં ભરવા જઈ રહી છે. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વેજ ઝોન બનાવવાની અગત્યની પ્રક્રિયા પણ આરંભી દીધી હોઈ કરોડો હિન્દુ શ્રધ્ધાળુઓમાં ખુશી અને રાહતની લાગણી ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે, સોમનાથ દરિયાઈ તટ પર સ્થિત હિંદુઓનું પવિત્ર સ્થાન છે, ત્યારે આ સમગ્ર વિસ્તારમાં માત્ર શાકાહાર માટે જોર આપવામાં આવી રહ્યું છે. સોમનાથમાં શુદ્ધ શાકાહાર ભોજન માટે કેટલાય વર્ષોથી સ્થાનિક લોકો સહિત લાખો શ્રધ્ધાળુઓની માંગણી ચાલ્યી આવતી હતી. મંદિરના દર્શને આવતા શ્રદ્ધાળુઓનું કહેવું છે કે, સોમનાથમાં માંસાહાર ન મળવું જોઈએ. એટલે સુધી કે, ઈંડાના વેચાણનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. સોમનાથની નગરપાલિકા પણ સોમનાથમાં નોન-વેજ પ્રાપ્ત ના થાય તે મતમાં છે. લોકલાગણી અને ધાર્મિકઆસ્થાને ધ્યાનમાં લઈ હવે રાજય સરકાર નક્કી કરી રહી છે કે, પાટણ મેન સ્કવાયરથી કાજલી માર્કેટિંગ યાર્ડ સુધી ૩ કિમીના ક્ષેત્રમાં નોન-વેજ ઝોન નક્કી કરવામાં આવશે. અગાઉ ભાજપ શાસિત વેરાવળ નગરપાલિકાએ માંસાહારી ભોજનના વેચાણ પર રોક લગાવી દીધો હતો. હવે સરકાર સમગ્ર વિસ્તારમાં નોનવેજ ફૂડ બેન કરી શકે છે. ૨૦૦૬માં જ્યારે સોમનાથ જૂનાગઢ જિલ્લામાં હતું, ત્યારે જિલ્લા કલેક્ટરે ૫૦૦ મીટરના ક્ષેત્રમાં નોન-વેજના વેચાણ પર પ્રતિબંધ લગાવી દીધો હતો.

હવે રાજ્ય સરકાર આ તીર્થ સ્થળને વેજ ઝોનમાં બદલવાની તૈયારી કરી રહ્યું છે. બીજીબાજુ, સોમનાથ ભાજપ અધ્યક્ષનું કહેવું છે કે, સોમનાથને વેજ ઝોન ઘોષિત કરવા માટે સ્થાનિક સ્તરથી એક પ્રપોઝલ તૈયાર કરી ગાંધીનગર મોકલવામાં આવી છે. સરકાર આ માંગણી વિશે સકારાત્મક છે. વેજ ઝોન કેટલા વિસ્તારમાં બનશે તેનો નિર્ણય હજુ સુધી લેવાયો નથી કેમ કે સોમનાથમાં ૫૦ દુકાનોમાં માછલીનું વેચાણ થાય છે. જો વેજ ઝોન જાહેર થશે તો ૫૦૦ જેટલા વેપારીઓ પ્રભાવિત થશે અને નોન વેજ ફુડ આઈટમોનું વેચાણ અને ઉપયોગ બંધ થશે.

## બેસણું



અમારા પરમપૂજ્ય **પિતાશ્રી ગુણવંતરાય પ્રાણજીવન વ્યાસ** તા. ૧૧-૦૧-૨૦૧૯ના રોજ દેવલોક પામ્યા છે.

સદ્‌ગતનું **બેસણું તા. ૧૭-૦૧-૨૦૧૯ ને ગુરૂવાર**ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૧૦૬૫/૨, ભુવનેશ્વરી સોસાયટી, સેક્ટર-૬-સી, ગાંધીનગર.**

લિ.

શરદ ગુણવંતરાય વ્યાસ (પુત્ર)
સુલભા શરદ વ્યાસ (પુત્રવધુ)
ભૈરવી - ભક્તિ (પૌત્રી)
નયના ગુણવંતરાય વ્યાસ (પુત્રી)
કિરણ ગુણવંતરાય વ્યાસ (પુત્ર)
સોનલ કિરણ વ્યાસ (પુત્રવધુ)
સુચી - મીરા (પૌત્રી)
જયશ્રી પંકજ પંડ્યા (પુત્રી)

## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલી




સુખને છલકાવ્યું નહી,
દુઃખને દેખાડ્યુ નહીં,
ઓચિંતી લીધી વિદાય,
સૌના કાળજા કંપાવી ગયા,
આપનો પ્રથમ પુરુષાર્થ ધાર્મિક જીવન
પરોપકાર વૃતિ, માયાળુ
સ્વભાવ કદી ભુલાશે નહીં
હૃદયમાંથી આપની સ્મૃતિ
ક્ષણવાર પણ વિસરતી નથી
આપનો દિવ્ય આત્મા સદાય હંમેશા
અમર રહે એ જ અમારા
સૌની સહૃદય પ્રાર્થના...

**સ્વ.રાણા કરણસિંહ ગોપાળભા**
સ્વ.તા.૧૭-૧-૨૦૧૮ (ગામ : ધણપ)

લિ. રાણા દિલીપસિંહ કરણસિંહ (પુત્ર)

રાણા અજીતસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા વિનોદસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા અશોકસિંહ ગોપાળભાઈ (ભાઈ)
રાણા વનરાજસિંહ ગોપાળભા (ભાઈ)
રાણા પૂર્વરાજસિંહ દિલીપસિંહ (પૌત્ર)
રાણા વિજયસિંહ અજીતસિંહ (ભત્રીજો)
રાણા રાહુલસિંહ અશોકસિંહ (ભત્રીજો)
રાણા મોન્ટુસિંહ વિનોદસિંહ (ભત્રીજો)
રાણા મેહુલસિંહ અશોકસિંહ (ભત્રીજો)
રાણા વિરપાલસિંહ વનરાજસિંહ (ભત્રીજો)

સમસ્ત ગોગા સિકોતર પરિવાર - ધણપ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com